# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.03.2026** **EVENING: 7.50 TO 8.0 PM**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1. કેન્દ્રીય મંત્રીમંડળે 33 હજાર 660 કરોડ રૂપિયાની ફાળવણી સાથે 100 પ્લગ-એન્ડ-પ્લે ઔદ્યોગિક ઉદ્યાનોના વિકાસ માટે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના-ભવ્યને મંજૂરી આપી.

2. સરકારે ખાતરી આપી છે કે ક્રૂડ ઓઇલની ઉપલબ્ધતા સામાન્ય છે અને ઓઇલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.

3. લોકસભાએ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય માટે વર્ષ 2026-27 માટે અનુદાનની માંગને મંજૂરી આપી.

4. આગામી વિધાનસભા ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને ન્યાયીક મતદાન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચે 25 લાખ અધિકારીઓને તૈનાત કર્યા.

5. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વહીવટી અને પોલીસ અધિકારીઓની મોટા પાયે બદલીઓ કરી છે.

........................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ સમાચાર સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# CABINET MEETING

કેન્દ્રીય મંત્રીમંડળે 33 હજાર 660 કરોડ રૂપિયાની ફાળવણી સાથે 100 પ્લગ-એન્ડ-પ્લે ઔદ્યોગિક ઉદ્યાનોના વિકાસ માટે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના- ભવ્યને મંજૂરી આપી છે. મંત્રીમંડળની બેઠક બાદ નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ્ય વિશ્વ કક્ષાનું ઔદ્યોગિક માળખાગત સુવિધા વિકસાવવા, ઉત્પાદન ક્ષમતાને વધારવા અને દેશના વિકાસને વેગ આપવાનો છે. તેમણે કહ્યું કે 100 થી એક હજાર એકરના ઔદ્યોગિક ઉદ્યાનો વિકસાવવા માટે પ્રતિ એકર 1 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

મંત્રીમંડળે 2023-24 કપાસ સીઝન માટે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ માટે ₹1 હજાર 718 કરોડ રૂપિયાથી વધુના લઘુત્તમ ટેકાના ભાવને મંજૂરી આપી હતી.

મંત્રીમંડળે 2026-27 થી 2030-31 ના સમયગાળા માટે નાના જળવિદ્યુત વિકાસ યોજનાને પણ મંજૂરી આપી,

(બાઈટ - મંત્રી અશ્વિની વૈષ્ણવ)

## MINISTRY OF DEFENSE - SHIPS

મહારાષ્ટ્રના રત્નાગિરીમાં આજે છ પેટ્રોલ જહાજોનું નિર્માણ કાર્ય શરૂ થયું.સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે પાંચ હજાર નોટિકલ માઇલની રેન્જ ધરાવતા આ જહાજો 23 નોટિકલ માઈલની મહત્તમ ગતિ પ્રાપ્ત કરવામાં સક્ષમ હશે.મંત્રાલયે જણાવ્યું હતું કે આ જહાજોમાં AI-આધારિત આગાહી જાળવણી પ્રણાલી અને દૂરસ્થ રીતે પાયલોટેડ ડ્રોન સહિત અનેક અદ્યતન તકનીકી પ્રણાલીઓ હશે.

# RS-APPROPRIATION BILL

રાજ્યસભાએ વિનિયોગ વિધેયક 2026 ને વિચારણા અને પરત કરવા માટે રજૂ કર્યું છે. ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના સાંસદ રાજીવ શુક્લાએ કહ્યું કે સરકારે મિસાઇલ વિકાસ કાર્યક્રમ અને સંશોધન અને વિકાસ પર ભંડોળ ખર્ચવું જોઈએ. તેમણે કહ્યું કે સરકારે ડ્રોન વિરોધી ટેકનોલોજી પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે ભારતના ઈરાન સાથે સારા સંબંધો છે અને NDA સરકારની વિદેશ નીતિ પર ચિંતા વ્યક્ત કરી.

ભાજપના સાંસદ હર્ષવર્ધન શ્રૃંગલાએ જણાવ્યું હતું કે 2025-26 માં, ભારતનો GDP 7.6 ટકાના દરે વધ્યો હતો, જે તેને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે બાકીનું વિશ્વ ફુગાવા સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતે 2.5 ટકાથી ઓછો ફુગાવાનો દર હાંસલ કર્યો છે.

# RS-RURAL DEVELOPMENT DISCUSSION

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ મનરેગાનું નામ બદલીને વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) VB G RAM G કરવાનો બચાવ કર્યો છે. આજે રાજ્યસભામાં ગ્રામીણ વિકાસ મંત્રાલયના કાર્યપદ્ધતિ પરની ચર્ચાનો જવાબ આપતા, શ્રી ચૌહાણે ભાર મૂક્યો કે NDA શાસનમાં આ યોજના UPA શાસન કરતાં ઘણી સારી રીતે લાગુ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે UPA સરકારે 2006-07 થી 2014 સુધી આ યોજના માટે બે લાખ 12 હજાર 409 કરોડ રૂપિયા ખર્ચ્યા હતા પરંતુ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકારે તેના માટે આઠ લાખ 58 હજાર 346 કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે.

બાઇટ : SHIVRAJ-SINGH

# Ministry of Defense - Ships

મહારાષ્ટ્રના રત્નાગિરીમાં આજે છ પેટ્રોલ જહાજોનું નિર્માણ કાર્ય શરૂ થયું.સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે પાંચ હજાર નોટિકલ માઇલની રેન્જ ધરાવતા આ જહાજો 23 નોટિકલ માઈલની મહત્તમ ગતિ પ્રાપ્ત કરવામાં સક્ષમ હશે.મંત્રાલયે જણાવ્યું હતું કે આ જહાજોમાં AI-આધારિત આગાહી જાળવણી પ્રણાલી અને દૂરસ્થ રીતે પાયલોટેડ ડ્રોન સહિત અનેક અદ્યતન તકનીકી પ્રણાલીઓ હશે.

# Prime Minister - Prince of Kuwait

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-હમદ અલ-મુબારક અલ-સબાહ સાથે ફોન પર વાત કરી અને આગામી ઈદના તહેવારની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન, બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં વિકસતી પરિસ્થિતિ પર ચર્ચા કરી અને તાજેતરના વિકાસ પર ચિંતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ કુવૈતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પરના હુમલાઓની નિંદા કરી.

# SCINDIA - SIX-G

સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે જણાવ્યું હતું કે ભારત સિક્સ-જી મોબાઇલ નેટવર્ક માટે ધોરણો નક્કી કરવા સતત કામ કરી રહ્યું છે. નવી દિલ્હીમાં આયોજિત સિક્સ-જી માનકીકરણ પર આંતરરાષ્ટ્રીય વર્કશોપના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે કહ્યું કે આ વર્કશોપ કાયમી અને દૃશ્યમાન પરિણામો આપશે.

ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં દેશની પ્રગતિની પ્રશંસા કરતા, શ્રી સિંધિયાએ કહ્યું  કે છેલ્લા 10 વર્ષમાં દેશમાં ડેટા ખર્ચમાં 97 ટકાનો ઘટાડો થયો છે.

# L S - SCINDIA - POSTAL

સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું છે કે પોસ્ટ વિભાગે પાર્સલ ડિલિવરીમાં સુધારો કરવા માટે મેઇલ પાર્સલ ઑપ્ટિમાઇઝેશન પ્રોજેક્ટ શરૂ કર્યો છે.આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે આ પહેલ હેઠળ, પાર્સલ નેટવર્ક અને વિતરણ કેન્દ્રોને તર્કસંગત બનાવવામાં આવ્યા છે અને સમગ્ર ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટ નેટવર્ક કાર્યરત કરવામાં આવ્યું છે.

# PREZ - GUDI PADAVA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ચૈત્ર શુક્લાદી, ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ,નવરેહ અને સાજીબુ ચેરાઓબાની પૂર્વ સંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ જણાવ્યું છે કે આ તહેવારો પ્રેમ અને સંવાદિતા દ્વારા ભારતના વિવિધ સમુદાયોમાં એકતાને પ્રોત્સાહન આપે અને નાગરિકો માટે સુખ, સમૃદ્ધિ અને સુખાકારી લાવે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.
આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INTER-MINISTERIAL BRIEFING

સરકારે ખાતરી આપી છે કે ક્રૂડ ઓઇલની ઉપલબ્ધતા સામાન્ય છે અને ઓઇલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રાલય પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક એલપીજી ઉત્પાદનમાં 40 ટકાનો વધારો થયો છે.શ્રીમતી શર્માએ જણાવ્યું હતું કે સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વાણિજ્યિક એલપીજી વધારાનો 10  ટકા જથ્થો ફાળવ્યો છે.

( બાઈટ – સુજાતા શર્મા )

શિપિંગ, બંદરો અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાં તમામ ભારતીય જહાજો સુરક્ષિત છે. છેલ્લા 24 કલાકમાં, વિવિધ બંદરો પરથી 25 ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાત કરી હતી. પ્રધાનમંત્રીએ UAE પરના હુમલાઓની સખત નિંદા કરી હતી.

# IRAN - GAS FIELD ATTACK

ઈરાનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે આજે દેશના મુખ્ય સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ સાથે જોડાયેલ સુવિધાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો દક્ષિણ બુશેહર પ્રાંતના અસલુયેહ વિસ્તારમાં થયો હતો.હુમલા વિશે તાત્કાલિક કોઈ વધુ વિગતો ઉપલબ્ધ નથી.સાઉથ પાર્સ વિશ્વનું સૌથી મોટું કુદરતી ગેસ ફિલ્ડ છે,જેમાં કતાર અને ઈરાન બંનેની માલિકીના પ્લાન્ટ આવેલા છે.આ હુમલા પાછળ ઇઝરાયલ કે અમેરિકાનો હાથ હતો તે હજુ સ્પષ્ટ નથી.

# ISRAEL - ISMAIL KHATIB ASSASSINATION

ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈસટ્રાયેલ કાત્ઝેએ આજે દાવો કર્યો હતો કે ઇઝરાયલી સૈન્યએ ઇરાનના ગુપ્તચર પ્રધાન ઇસ્માઇલ ખાતિબને મારી નાખ્યા છે. તેમણે કહ્યું હતું કે દિવસભર વિવિધ મોરચે મોટા હુમલા થઈ શકે છે, પરંતુ તેમણે વધુ વિગતો આપી નથી.

# KUTCH - SHIP JAG LADKI

ખાડી દેશોના યુદ્ધ વચ્ચે ૮૦ હજાર ૮૦૦ મેટ્રિક ટન ક્રૂડ ઓઇલ લઈને ભારતીય જહાજ ' જગ લાડકી ' આજે સવારે કચ્છના મુન્દ્રા બંદરે પહોંચ્યું હતું.આ સાથે જ એલપીજી સાથેના શિવાલિકા અને નંદાદેવી બાદ ત્રીજું ઈંધણ સાથેનું ટેન્કર જહાજ સુરક્ષિત ભારત પહોંચ્યું છે.

ઉલ્લેખનીય છે કે, શનિવારે ફુજૈરાહ બંદરના તેલ ટર્મિનલ પર આ જહાજમાં ઓઇલ લોડિંગ થઈ રહ્યું ત્યારે જ હુમલો થયો હતો. જોકે, હુમલો થયાના એક દિવસ પછી, રવિવારે સવારે જહાજ યુએઈથી રવાના થયું હતું.

# LS - DEMAND FOR AGRICULTURE

લોકસભાએ આજે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય માટે વર્ષ 2026-27 માટે અનુદાનની માંગને મંજૂરી આપી.કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની આવક વધારવા, ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જનતાને પૌષ્ટિક ખોરાક પૂરો પાડવા માટે પ્રયત્નશીલ છે.ચૌહાણે જણાવ્યું હતું કે 2013-14માં કૃષિ માટેનું બજેટ ફક્ત 21 હજાર 933 કરોડ રૂપિયા હતું, જે હવે વધીને 1લાખ 30,હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે.તેમણે જણાવ્યું હતું કે 2014-15માં ખાદ્યાન્નનું ઉત્પાદન 26 કરોડ 50 લાખ ટન હતું, જે હવે વધીને 35 કરોડ 7 લાખ ટન થઈ ગયું છે. બાગાયતી ઉત્પાદન પણ 27 કરોડ 70 લાખ ટનથી વધીને 37 કરોડ 70 લાખ  ટન થયું છે.

# L S - SCINDIA - POSTAL

સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું છે કે પોસ્ટ વિભાગે પાર્સલ ડિલિવરીમાં સુધારો કરવા માટે મેઇલ પાર્સલ ઑપ્ટિમાઇઝેશન પ્રોજેક્ટ શરૂ કર્યો છે.આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે આ પહેલ હેઠળ, પાર્સલ નેટવર્ક અને વિતરણ કેન્દ્રોને તર્કસંગત બનાવવામાં આવ્યા છે અને સમગ્ર ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટ નેટવર્ક કાર્યરત કરવામાં આવ્યું છે.

# W.B - RESHUFFLE IN EC

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વહીવટી અને પોલીસ અધિકારીઓની મોટા પાયે બદલીઓ કરી છે. પંચે ૧૧ જિલ્લા અધિકારીઓને તેમના પદ પરથી દૂર કર્યા છે.આ બધા અધિકારીઓ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે પણ સેવા આપી રહ્યા હતા. કૂચ બિહાર, જલપાઇગુડી, માલદા, મુર્શિદાબાદ, નાદિયા અને ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા સહિત અનેક જિલ્લાઓના અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

વહેલી સવારે, પાંચ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ-કક્ષાના અધિકારીઓને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા.પંચે જણાવ્યું હતું કે આ આદેશ તાત્કાલિક અમલમાં આવશે.

# BJP-Congress

ભારતીય જનતા પાર્ટીએ આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા પરના અમેરિકન કમિશનના નવા વાર્ષિક અહેવાલને કથિત રીતે સમર્થન આપવા બદલ ટીકા કરી હતી.નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં, ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી જાણી જોઈને ભારત વિરુદ્ધ બોલી રહ્યા છે અને તેમની વિચારસરણી ભારત વિરોધી છે. અમેરિકના અહેવાલની સત્યતાને ફગાવી દેતા, ભાજપના પ્રવક્તાએ કોંગ્રેસના નેતાને આવા દાવાઓને સમર્થન ન આપવા વિનંતી કરી.